York Region District School Board
Inspire Learning!

# 2021 YRDSB ફેમિલી સર્વે

# 2021 YRDSB ફેમિલી સર્વે

આ સર્વે પૂર્ણ કરવા બદલ તમારો આભાર. તમારો અવાજ અમારા માટે મહત્વપૂર્ણ છે. આ સર્વેનો હેતુ આ શાળાકીય વર્ષ દરમિયાન કેળવણીનાં અનુભવ વિશે પરિવારો પાસેથી પ્રતિભાવ એકત્રિત કરવાનો છે (રૂબરૂમાં અને વર્ચ્યુઅલ રીતે). આ પ્રતિભાવનો ઉપયોગ વિદ્યાર્થીની સિદ્ધિ અને સુખાકારીને સમર્થન આપતા સુરક્ષિત, સમાવેશક, અને આદરપૂર્ણ પર્યાવરણો સુનિશ્ચિત કરવામાં મદદરૂપ પ્રોગ્રામો અને વ્યૂહરચનાઓની જાણ કરવા માટે કરવામાં આવશે.

સર્વેનાં પ્રશ્નોમાં આ બાબતો સંબંધિત પૂછવામાં આવશે: દૂરસ્થ કેળવણી; કેળવણીની તકનીક અને સાધનો; વિદ્યાર્થીની સામેલગીરી; સુરક્ષા, ભેદભાવ અને ગુંડાગીરી; માનસિક આરોગ્ય અને સુખાકારી; અને નિષ્પક્ષતા અને સમાવેશક કેળવણીનાં પર્યાવરણો. વિદ્યાર્થીઓનાં જૂથોમાં કેળવણીનાં અનુભવો કેવી રીતે ભિન્ન હોઇ શકે છે તે સમજવા અને તમામ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને સમાવેશક શાળાકીય વાતાવરણનો પ્રચાર કરવા માટે અમે વિદ્યાર્થીની ઓળખો (દા.ત. જાતિ, લિંગ) વિશે પણ પ્રશ્નો પૂછીએ છીએ.

આ સર્વે **અનામી** અને **ગોપનીય** છે જેથી પ્રશ્નોનાં તમારા વ્યક્તિગત પ્રતિભાવોની કોઇને ખબર પડશે નહીં. આ સર્વે **સ્વૈચ્છિક** છે અને તમે જવાબ આપવા ઇચ્છતા ન હોવ તેવા કોઇપણ પ્રશ્નોને તમે જતા કરી શકો છો. **કૃપા કરીને આ સર્વે પર તમારું નામ લખશો નહીં**. તમે વહેંચશો તે માહિતી માત્ર YRDSB નાં સંશોધન અને આકારણી સેવાઓનાં વિભાગમાં રહેલા કર્મચારીગણને જ સુલભ રહેશે.

જ્યારે તમે પ્રશ્નોનાં જવાબો આપી રહ્યા હોવ, ત્યારે કૃપા કરીને **આ શાળાકીય વર્ષ** દરમિયાન તમારા અને તમારા બાળકનાં અનુભવો વિશે વિચાર કરો. આ સર્વે પૂર્ણ કરવામાં આશરે **15 થી 20** મિનીટ જેટલો સમય લાગશે. કૃપા કરીને **18 જૂન, 2021** સુધીમાં આ પ્રશ્નાવલી પૂર્ણ કરો. સર્વેનાં પરિણામો સારાંશ અહેવાલનાં સ્વરૂપમાં વહેંચવામાં આવશે અને તમારા બાળકનાં આચાર્ય મારફત ફૉલ (પાનખર)નાં અંતમાં ઉપલબ્ધ થશે.

**જો તમે એક કરતા વધારે બાળક ધરાવતા હોવ, તો કૃપા કરીને આ પ્રશ્નોનાં જવાબો આપતી વખતે માત્ર એક બાળક પસંદ કરો. તમે દરેક બાળક માટે એક સર્વે પૂર્ણ કરવાનું પસંદ કરી શકો છો.**

જો તમને કોઇ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને સંશોધન, આકારણી અને મૂલ્યાંકન સેવાઓનાં સુપરિન્ટેન્ડેન્ટ Shawn Bredin (શોન બ્રેડિન)નો research.services@yrdsb.ca, (905) 727-0022 એક્સ્ટેંશન 4355 પર અથવા 300 હેરી વૉકર પાર્કવે સાઉથ, ન્યૂમાર્કેટ, ઓન્ટેરિયો L3Y 8E2 પર સંપર્ક કરો.

**માહિતી એકત્રિકરણ સૂચના**

આ માહિતી એન્ટિ-રેસિઝમ એક્ટ, 2017, S.O. 2017, c. 15 અને એજ્યુકેશન એક્ટ R.S.O. 1990 c. E. 2 ની કલમ 169.1 (1) (2,1) (સુધાર્યા પ્રમાણે) ની અધિકૃતતા અંતર્ગત માત્ર શૈક્ષણિક હેતુઓ માટે જ એકત્રિત કરવામાં આવે છે. આ માહિતીનો ઉપયોગ મ્યુનિસિપલ ફ્રીડમ ઑફ ઇન્ફર્મેશન એન્ડ પ્રોટેક્શન ઑફ પ્રાયવસી એક્ટ, R.S.O 1990, c. M. 56 (સુધાર્યા પ્રમાણે) ને અનુરૂપ કરવામાં આવશે.

જ્યારે પ્રશ્નમાં શબ્દપ્રયોગ "શાળા" દેખાય છે ત્યારે તે તમામ વર્ચ્યુઅલ કેળવણી પર્યાવરણો સહિત તમામ કેળવણીની જગ્યાઓને સંદર્ભિત કરે છે.

## ભાગ A: સામાન્ય પ્રશ્નો

1. તમારા બાળકે આ શાળાકીય વર્ષે મોટેભાગે ક્યા શાળા મોડેલમાં હાજરી આપી છે?

- ☐ a. એલીમેન્ટરી ફેસ-ટુ-ફેસ લર્નિંગ મોડેલ (F2F)
- ☐ b. એલીમેન્ટરી વર્ચ્યુઅલ સ્કૂલ (EVS, ઓનલાઇન લર્નિંગ)
- ☐ c. એલીમેન્ટ્રી કમ્યુનિટી ક્લાસ બ્લેન્ડેડ મોડેલ (આંશિક સંકલિત વિશેષ શૈક્ષણિક વર્ગખંડ)
- ☐ d. સેકન્ડરી એડેપ્ટિવ મોડેલ
- ☐ e. સેકન્ડરી વર્ચ્યુઅલ સ્કૂલ (SVS, ઓનલાઇન લર્નિંગ)

2. તમારા બાળકે આ વર્ષે મોટેભાગે કઇ શાળામાં હાજરી આપી હતી? (જો સપ્ટેમ્બર પછીથી તમારા બાળકે શાળાઓ અથવા શાળાકીય મોડેલો બદલ્યા હતા, તો કૃપા કરીને મોટાભાગનાં શાળાકીય વર્ષમાં તેઓએ હાજરી આપી હતી તે શાળા સૂચિત કરો).

કૃપા કરીને શાળાની યાદીમાંથી તમારા બાળકની એલીમેન્ટરી સ્કૂલ પસંદ કરો:

- ☐ એલીમેન્ટરી વર્ચ્યુઅલ સ્કૂલ (EVS, ઓનલાઇન લર્નિંગ)
- ☐ એલીમેન્ટ્રી કમ્યુનિટી ક્લાસ બ્લેન્ડેડ મોડેલ (આંશિક સંકલિત વિશેષ શૈક્ષણિક વર્ગખંડ)

કૃપા કરીને શાળાની યાદીમાંથી તમારા બાળકની સેકન્ડરી સ્કૂલ પસંદ કરો:

- ☐ સેકન્ડરી વર્ચ્યુઅલ સ્કૂલ (SVS, ઓનલાઇન લર્નિંગ)

જો તમે ડ્રોપડાઉન મેનુનો ઉપયોગ ન કરતા હોવ, તો કૃપા કરીને તમારા બાળકની શાળાનું નામ પ્રદાન કરો: __________

3. હાલમાં તમારા બાળકની ક્યાં ગ્રેડમાં પ્રવેશ નોંધણી કરેલી છે?

- ☐ a. JK
- ☐ b. SK
- ☐ c. ગ્રેડ 1
- ☐ d. ગ્રેડ 2
- ☐ e. ગ્રેડ 3
- ☐ f. ગ્રેડ 4

- g. ગ્રેડ 5
- h. ગ્રેડ 6
- i. ગ્રેડ 7
- j. ગ્રેડ 8
- k. ગ્રેડ 9
- l. ગ્રેડ 10
- m. ગ્રેડ 11
- n. ગ્રેડ 12
- o.12+ કમ્યુનિટી ક્લાસમાં (દા.ત. કમ્યુનિટી ક્લાસમાં 4 વર્ષ કરતા વધારે)
- p. 12+ કમ્યુનિટી ક્લાસમાં નહીં (દા.ત. સેકન્ડરી સ્કૂલનાં વધારાનાં વર્ષો પૂર્ણ કરવા)

## ભાગ B: દૂરસ્થ કેળવણી, તકનીક, અને કેળવણીનાં સાધનો

1. શું આ શાળાકીય વર્ષમાં તમારા બાળક પાસે ઘર પર વિશ્વસનીય ઇન્ટરનેટ હતું (દા.ત. અટકી ન જતું હોય, લેગ ન થતું હોય કે ડિસકનેક્ટ ન થતું હોય અને તમે પાવર જતો રહેવાનો અનુભવ ન કરતા હોવ)?
   - ☐ a. હા, મારું બાળક ઇન્ટરનેટ ધરાવે છે અને તે હંમેશા વિશ્વસનીય છે
   - ☐ b. હા, મારું બાળક ઇન્ટરનેટ ધરાવે છે અને તે મોટેભાગે વિશ્વસનીય છે
   - ☐ c. હા, મારું બાળક ઇન્ટરનેટ ધરાવે છે પરંતુ તે વિશ્વસનીય નથી
   - ☐ d. ના, મારું બાળક ઘર પર ઇન્ટરનેટ ધરાવતું નથી
2. શું તમારા બાળકને તેનું શાળાકીય કાર્ય પૂર્ણ કરવા માટે ઇલેક્ટ્રોનિક ઉપકરણ સુલભ છે (દા.ત. કમ્પ્યૂટર, લેપટોપ, ક્રોમબૂક, સહાયક તકનીક, ઇલેક્ટ્રોનિક રીફ્રેશેબલ બ્રેઇલ ઉપકરણ, સાંભળવાનું રીસીવર)?
   - ☐ a. હા – મારું બાળક તેનું પોતાનું ઉપકરણ ધરાવે છે
   - ☐ b. હા – મારું બાળક ઉપકરણ ધરાવે છે જે શાળા પાસેથી ઉધાર લીધેલું છે
   - ☐ c. ક્યારેક – મારું બાળક અમારા કુટુંબની માલિકીનું ઉપકરણ શેર કરે છે
   - ☐ d. ક્યારેક – મારું બાળક શાળા પાસેથી ઉધાર લીધેલું ઉપકરણ અમારા કુટુંબ સાથે શેર કરે છે
   - ☐ e. ના – શાળાકીય કાર્ય માટે મારા બાળક પાસે કોઇ ઉપકરણ ઉપલબ્ધ નથી
3. તમારું બાળક વર્ચ્યુઅલ કેળવણી માટે તેની પોતાની રીતે ઉપકરણોનો ઉપયોગ કરવામાં કેટલું આરામદાયક અનુભવે છે (દા.ત. કમ્પ્યૂટર, લેપટોપ, ક્રોમબૂક, સહાયક તકનીક, ઇલેક્ટ્રોનિક રીફ્રેશેબલ બ્રેઇલ ઉપકરણ, સાંભળવાનું રીસીવર)?
   - ☐ a. ખુબ આરામદાયક
   - ☐ b. આરામદાયક
   - ☐ c. આરામદાયક નહીં
   - ☐ d. ખાતરી નથી
4. તમારા બાળકને તેની પોતાની રીતે વર્ચ્યુઅલ કેળવણીનાં સાધનોનો ઉપયોગ કરવામાં આરામદાયકતાનું સ્તર કેવી રીતે વર્ણવી શકાય (દા.ત. ગૂગલ ક્લાસરૂમ, વિડીયો કૉલ્સ, જામબૉર્ડ, કાહૂટ)?

- □ a. ખુબ આરામદાયક
- □ b. આરામદાયક
- □ c. આરામદાયક નહીં
- □ d. ખાતરી નથી

5. દૂરસ્થ કેળવણી દરમિયાન શાળાકીય કાર્ય માટે તમારા બાળકને કેટલી વખત તમારી સહાયતાની જરૂર પડતી હતી?

- □ a. બધો સમય
- □ b. અવારનવાર
- □ c. ક્યારેક
- □ d. કદાપી નહીં
- □ e. ખાતરી નથી

6. વર્ચ્યુઅલ કેળવણીમાં તમારા બાળકને સહાયતા કરવામાં તમે કેટલા આરામદાયક હતા?

- □ a. ખુબ આરામદાયક
- □ b. આરામદાયક
- □ c. આરામદાયક નહીં
- □ d. ખાતરી નથી

7. આ વર્ષે ઘર પરથી કેળવણીનાં તમારા બાળકનાં અનુભવો વિશે વિચાર કરો અને તમારા બાળકને શ્રેષ્ઠ રીતે લાગું પડતો વિકલ્પ પસંદ કરો:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. મારું બાળક એકાગ્ર થઇ શકતું હતું અને તેનાં શાળાકીય કાર્ય પર ધ્યાન આપી શકતું હતું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. જો મારા બાળકને જરૂર પડતી તો ઘર પર તેને મદદ કરવા માટે કોઇ રહેતું હતું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. મારું બાળક એસાઇનમેન્ટ્સ પૂર્ણ કરવા તેનાં સમયનું વ્યવસ્થાપન કરી શકતું હતું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. મારું બાળક તેનાં વર્ગોમાં પ્રોત્સાહિત રહી શકતું હતું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. મારું બાળક ઓનલાઇન વર્ગની ચર્ચાઓ દરમિયાન વિચારોનું આદાન-પ્રદાન કરી શકતું હતું અને પ્રશ્નોનાં જવાબો આપ્યા હતા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| f. એકંદરે, ઓનલાઇન કેળવણી મારા બાળક માટે કારગત રહી હતી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

## ભાગ C: સામેલગીરી અને કેળવણી

1. એકંદરે, આ શાળાકીય વર્ષ દરમિયાન, નીચેનાની માત્રા વિશે તમને કેવું લાગે છે:

| વિકલ્પો | માત્રા ખુબ જ વધારે છે | માત્રા યોગ્ય જ છે | માત્રા ખુબ જ ઓછી છે | ખાતરી નથી |
|---|---|---|---|---|
| a. તમારા બાળકનાં વર્ગોમાં શાળાકીય કાર્ય? | ❑ | ❑ | ❑ | ❑ |
| b. તમારા બાળકને ફાળવેલું ગૃહકાર્ય? | ❑ | ❑ | ❑ | ❑ |

2. એકંદરે, તમારા બાળકનાં વર્ગમાં (વર્ગોમાં) સૂચનાઓની ગતિ વિશે તમને કેવું લાગે છે (દા.ત. જે તે સમયે કેટલી અભ્યાસક્રમની સામગ્રી આવરી લેવામાં આવે છે)?

- a. ગતિ ખૂબ જ ઝડપી છે; મારું બાળક તેનાં વર્ગો સાથે તાલમેલ રાખી શકતું નથી
- b. ગતિ યોગ્ય જ છે; મારું બાળક તેનાં વર્ગો સાથે તાલમેલ રાખી શકે છે
- c. ગતિ ખૂબ જ ધીમી છે; મારા બાળકને તેનાં વર્ગોમાં જોડાયેલા રહેવામાં મુશ્કેલી પડી રહી છે
- d. ખાતરી નથી

3. મારા બાળકને મળી રહેલી સૂચના સંબંધિત છે અને વાસ્તવિક-જીવનનાં જોડાણો ધરાવે છે.

- a. ભારપૂર્વક સંમત
- b. સંમત
- c. અસંમત
- d. ભારપૂર્વક અસંમત
- e. ખાતરી નથી

4. મારું બાળક જણાવે છે કે તેને આ મુજબની તકો છે:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. તેની કેળવણીનાં લક્ષ્યાંકો સ્થાપિત કરી અને તે લક્ષ્યાંકોનું અનુસરણ કરવું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. તેઓની કેળવણીની આકારણી કરવી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. તેઓ શું શીખ્યા તે વિવિધ રીતોથી દર્શાવવું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. તેઓની ભૂલોમાંથી શીખવું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. બારીકાઇથી તેઓનાં શાળાકીય કાર્ય પર પ્રતિભાવ આપવો અને મેળવવો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| f. તેઓ કેવી રીતે શ્રેષ્ઠ રીતે શીખી શકે તે વિશે તેઓનાં વિચારોનું આદાન-પ્રદાન કરવું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| g. તેઓનાં કાર્યમાં સુધારો કરવા માટે પ્રતિભાવનો ઉપયોગ કરવો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

# ભાગ D: માનસિક આરોગ્ય અને સુખાકારી

1. આ શાળાકીય વર્ષ દરમિયાન, તમારું બાળક આવું અનુભવતું :

| વિકલ્પો | બધો સમય | અવાર નવાર | ક્યારેક | જવલ્લે જ | કદાપી નહીં | ખાતરી નથી |
|---|---|---|---|---|---|---|
| a. ખુશ. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. બેચેન અથવા ચિંતિત. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. ભવિષ્ય વિશે સકારાત્મક. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. એકલતા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. પોતાના વિશે સારું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| f. નિરાશ અથવા તણાવયુક્ત. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| g. શાળા પરનાં લોકો માટે પોતે મહત્વપૂર્ણ હોય તેનાં જેવું. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| h. સામાજીક રીતે અલગતા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| i. ક્રોધિત. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| j. જેમ કે તેઓ પાસે સમય નથી તેથી તેઓ કંઇ આનંદપ્રમોદ કરી શકતા નથી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| k. જેમ કે તેઓને ખૂબ જ વધારે કરવા માટે દબાણ કરવામાં આવે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

2. કૃપા કરીને નીચેનાં વિધાનોનાં પ્રતિભાવો આપતી વખતે આ શાળાકીય વર્ષમાં તમારા બાળકનાં અનુભવો વિશે વિચાર કરો:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. આ શાળા પરનાં પુખ્તો મારા બાળકની સુખાકારી વિશે કાળજી રાખે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. મારા બાળકની શાળામાં ઓછામાં ઓછા એક કાળજી લેનાર પુખ્ત છે જે તેને સપોર્ટ કરે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. જો મારા બાળકને માનસિક આરોગ્ય સંબંધિત સપોર્ટની જરૂર પડે, તો મને ખબર છે કે મદદ કેવી રીતે મેળવવી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

## ભાગ E: સુરક્ષા, ભેદભાવ અને ગુંડાગીરી

**સુરક્ષિત અનુભવ કરવો** અર્થાત આરામદાયક, સહજ અનુભૂતી થવી, ઓળખનું મૂલ્ય થતું હોય, અને એવી ચિંતા ન હોય કે કોઇ વ્યક્તિ તેઓનાં શરીરને ઇજા કરી શકે છે, તેઓની લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે, અથવા તેઓની વસ્તુઓને નુકશાન પહોંચાડી શકે છે.

### 1. મારું બાળક આ શાળામાં **સુરક્ષિત અનુભવ** કરે છે.

- ☐ a. ભારપૂર્વક સંમત
- ☐ b. સંમત
- ☐ c. અસંમત
- ☐ d. ભારપૂર્વક અસંમત
- ☐ e. ખાતરી નથી

**ગુંડાગીરી** એક પુનરાવર્તિત સ્વરૂપનું, સતત અને આક્રમક વર્તન છે જે ભય પેદા કરે છે (અથવા પેદા કરતી હોવાની જાણ હોવી જોઈએ) અને/અથવા અન્ય વ્યક્તિનાં શરીર, લાગણીઓ, આત્મ-ગૌરવ અથવા પ્રતિષ્ઠાને હાનિ કરે છે. ગુંડાગીરી એવા સંદર્ભમાં થતી હોય છે જ્યાં વાસ્તવિક અથવા દેખીતું સામર્થ્યનું અસંતુલન હોય છે.

**સાયબર ગુંડાગીરીમાં** ધમકી આપવા, ક્ષોભ પેદા કરવા, સામાજીક રીતે બાકાત કરવા, અને પરેશાન કરવા માટે ઇલેક્ટ્રોનિક ઉપકરણોનાં ઉપયોગનો સમાવેશ કરે છે. સાયબર **ગુંડાગીરી** લખાણ મોકલી, ઇમેઇલ કરી, ચેટ્સ મારફત, વેબસાઇટ્સથી, તાત્કાલિક સંદેશા મોકલવાથી, સેલ ફોનથી અને ચિત્રો/વિડીયો ક્લિપનાં ઉપયોગથી થઇ શકે છે.

**વંશીયતા** એટલે જ્યારે લોકો સાથે તેઓનાં વંશનાં આધાર પર નકારાત્મક રીતે વર્તન કરવામાં આવે છે. વંશીય જોક્સ અને જીભાજોડીઓ અથવા ધિક્કારનાં ગુનાઓ તેનાં ઉદાહરણો છે.

**ભેદભાવ** એટલે તમારી લિંગની ઓળખ, વંશિય પૃષ્ઠભૂમિ, વંશિયતાનું મૂળ, ધર્મ અથવા આધ્યાત્મિકતા, સામાજીક-આર્થિક પૃષ્ઠભૂમિ, વિશેષ શિક્ષણની જરૂરીયાતો, જાતિય અભિગમ, અથવા અન્ય પરિબળોનાં કારણે નકારાત્મક રીતે વર્તન કરવું.

**પજવણી** એટલે એવી સતત ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ અથવા કાર્યવાહીઓમાં જોડાવું જેઓ અસ્વિકાર્ય અને અનિચ્છનિય હોવાનું જાણકારીમાં હોય છે (અથવા જાણકારીમાં હોવું જોઇએ).

### 2. આ શાળાકીય વર્ષનાં પ્રારંભથી, તમારા બાળકને કેટલીવાર આ અનુભવ થયો છે:

| વિકલ્પો | બધો સમય | અવારનવાર | ક્યારેક | જવલ્લે જ | કદાપી નહીં |
|---|---|---|---|---|---|
| a. **ગુંડાગીરી.** | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. **સાયબર ગુંડાગીરી.** | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. **વંશીયતા.** | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. **ભેદભાવ.** | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. **પજવણી.** | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

3. મારું બાળક જાણે છે કે કેવી રીતે રીપોર્ટ કરવું:

| વિકલ્પો | હા | ના | ખાતરી નથી |
|---|---|---|---|
| a. જો તેની શાળા પર **ગુંડાગીરી** થતી હોય. | ❑ | ❑ | ❑ |
| b. જો તેની શાળા પર સાયબર **ગુંડાગીરી** થતી હોય. | ❑ | ❑ | ❑ |
| c. જો તેની શાળા પર **વંશીયતા** થતી હોય. | ❑ | ❑ | ❑ |
| d. જો તેની શાળા પર ભેદભાવ થતો હોય. | ❑ | ❑ | ❑ |
| e. જો તેની શાળા પર **પજવણી** થતી હોય. | ❑ | ❑ | ❑ |

4. આ બાબતમાં આ શાળાએ લીધેલા પગલાઓ સાથે હું સંતુષ્ટ છું:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. વિદ્યાર્થીઓ વચ્ચે ગુંડાગીરી અટકાવવા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. વિદ્યાર્થીઓ વચ્ચે ગુંડાગીરીની ઘટનાઓને સંબોધવી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. વંશીયતા અને ભેદભાવ અટકાવવા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. વંશીયતા અને ભેદભાવની ઘટનાઓને સંબોધવી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

5. આ શાળા પર એક પુખ્ત છે જેની સાથે આ બાબતમાં વાત કરવા માટે મારું બાળક આરામદાયકતા અનુભવશે:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. જે તેની અથવા અન્ય કોઇ વ્યક્તિ સાથે દાદાગીરી કરવામાં આવી હોય. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. જો તેને અથવા અન્ય કોઇ વ્યક્તિને ત્રાસ આપવામાં આવ્યો હોય. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. જો તેને અથવા અન્ય કોઇ વ્યક્તિને ભેદભાવનો અનુભવ થઇ રહ્યો હતો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. જો તેને અથવા અન્ય કોઇ વ્યક્તિને વંશીયતાનો અનુભવ થઇ રહ્યો હતો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. જો તે અથવા અન્ય કોઇ વ્યક્તિ અસુરક્ષિત હોવાનું અનુભવ કરી રહ્યા હતા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| f. જો તે અથવા અન્ય કોઇ વ્યક્તિ નિરાશ, બેચેન, હતાશ, તણાવયૂક્ત, ક્રોધિત અથવા ગભરાયેલ અનુભવી રહ્યા હતા. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

6. મારું બાળક તેની શાળા પર યોગ્ય ઓનલાઇન વર્તણૂક વિશે ભણી રહ્યું છે (દા.ત. સોશિયલ મિડીયાનો યોગ્ય ઉપયોગ, સાયબર દાદાગીરી/ પજવણી અંગે જાગૃતિ).

- ☐ a. ભારપૂર્વક સંમત
- ☐ b. સંમત
- ☐ c. અસંમત
- ☐ d. ભારપૂર્વક અસંમત
- ☐ e. ખાતરી નથી

## ભાગ F: નિષ્પક્ષતા અને સમાવેશક કેળવણીનાં પર્યાવરણો

1. કૃપા કરીને નીચેનાં વિધાનોનાં પ્રતિભાવો આપતી વખતે આ શાળાકીય વર્ષે તમારા બાળકનાં અનુભવો વિશે વિચાર કરો:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. મારા બાળકની શાળા એક સત્કારપૂર્ણ સ્થળ છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. મારા બાળકને લાગે છે કે તે આ શાળા સાથે સંબંધ ધરાવે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. મારા બાળક સાથે આ શાળા પર આદરપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. શાળાનાં નિયમો મારા બાળક પર ઉચિત રીતે લાગું પાડવામાં આવે છે. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

**સામાજીક ન્યાય** કોઇપણ ભેદભાવ વગર તમામ લોકો માટે સમાન વ્યવહાર અને સમાન તકોને સંદર્ભિત કરે છે.

2. શાળા પર, મારા બાળકને આ બાબતો સંબંધિત માનવ અધિકારો/ **સામાજીક ન્યાયનાં** મુદ્દાઓ વિશે વિચારવા અથવા શીખવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે:

| વિકલ્પો | ભારપૂર્વક સંમત | સંમત | અસંમત | ભારપૂર્વક અસંમત | ખાતરી નથી |
|---|---|---|---|---|---|
| a. કેનેડાનાં મૂળ નિવાસી લોકો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| b. લિંગની ઓળખ. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| c. વંશ. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| d. વંશીયતા અને સંસ્કૃતિ. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| e. ગરીબી. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |
| f. અપંગતાઓ ધરાવતા લોકો. | ❑ | ❑ | ❑ | ❑ | ❑ |

3. કૃપા કરીને એવા અવરોધો સૂચવો જે તમને લાગતું હોય કે તેઓ શાળા પર તમારા બાળકની કેળવણી અને સુખાકારીનાં માર્ગમાં આડા આવતા હોય (કૃપા કરીને લાગું પડતું તમામ પસંદ કરો):

- ☐ a. મને નથી લાગતું કે એવા કોઇ અવરોધો છે જે શાળા પર મારા બાળકની કેળવણી અને સુખાકારીનાં માર્ગમાં આડા આવતા હોય.
- ☐ b. મૂળ નિવાસી-વિરોધી વંશીયતા
- ☐ c. સક્ષમતાવાદ (વિશેષ શિક્ષણની જરૂરીયાતો અથવા અક્ષમતાઓ)
- ☐ d. એશિયન-વિરોધી વંશિયતા
- ☐ e. અશ્વેત-વિરોધી વંશિયતા
- ☐ f. સંવેદના-વિરોધી (યહૂદી-વિરોધી વંશીયતા)
- ☐ g. વર્ગ ભેદભાવ (ગરીબી)
- ☐ h. હોમોફોબિયા
- ☐ i. ઇસ્લામોફોબિયા (મુસ્લિમ-વિરોધી વંશીયતા)
- ☐ j. સેક્સિઝમ
- ☐ k. ટ્રાન્સફોબિયા
- ☐ l. અન્ય કારણ (કૃપા કરીને સમજાવો):

## ભાગ G: કુટુંબ/શાળાનો સંચાર અને સામેલગીરી

1. આ વર્ષે તમારા બાળકની શાળા તરફથી થતો સંચાર કેટલો મદદરૂપ રહ્યો છે (દા.ત. સમાચારપત્રો, શાળાની વેબસાઇટ, ઇમેઇલ અપડેટ્સ)?

- ☐ a. બિલકૂલ મદદરૂપ નહીં

- ☐ b. સહેજ મદદરૂપ
- ☐ c. અમુક અંશે મદદરૂપ
- ☐ d. ખૂબ મદદરૂપ
- ☐ e. અત્યંત મદદરૂપ
- ☐ f. ખાતરી નથી
- ☐ g. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

2. જ્યારે મારે જરૂર પડે ત્યારે હું મારા બાળકનાં શિક્ષક(કો) સાથે સંચાર કરી શકું છું (દા.ત. વાત કરવા, પ્રશ્નો પૂછવા અને સપોર્ટ મેળવવા).

- ☐ a. બધો વખત
- ☐ b. અવારનવાર
- ☐ c. ક્યારેક
- ☐ d. કદાપી નહીં
- ☐ e. ખાતરી નથી

3. શાળા મારા બાળકની કેળવણી અને સુખાકારીમાં મારી ભાગીદાર તરીકે ઓળખ કરે છે (દાત. બાળકની કેળવણીમાં સાથે મળીને જોડાવા માટે કુટુંબોને તકો પ્રદાન કરે છે, મને મારા બાળકની ક્ષમતાઓ અને રસની બાબતોનાં નિષ્ણાંત તરીકે જુએ છે).

- ☐ a. ભારપૂર્વક સંમત
- ☐ b. સંમત
- ☐ c. અસંમત
- ☐ d. ભારપૂર્વક અસંમત
- ☐ e. ખાતરી નથી

## ભાગ H: મારા બાળક વિશે

**વંશ** એક સામાજીક રચના છે જે દેખિતા સામાન્ય પૂર્વજો અને લાક્ષણિકતાઓનાં આધાર પર લોકોનાં જૂથો બનાવે છે અને કેટલાક લોકોને કેવી રીતે જોવામાં આવે છે અને વ્યવહાર કરવામાં આવે છે તેનાં પર અસર કરે છે. વંશને અવારનવાર એથનિસિટી/જાતીયતા (લોકોનું એવું જૂથ જે ચોક્કસ સાંસ્કૃતિક વારસો અથવા પૃષ્ઠભૂમિ ધરાવતું હોય) સાથે ગેરસમજ કરવામાં આવે છે; કોઇ વંશીય જૂથની અંદર કેટલાક એથનિક જૂથો હોઇ શકે છે.

આપણા સમાજમાં, લોકોને અવારનવાર તેઓનાં વંશ અથવા વંશીય પૃષ્ઠભૂમિ દ્વારા વર્ણવવામાં આવતા હોય છે. ઉદાહરણ તરીકે, કેટલાક લોકોને "શ્વેત" અથવા "અશ્વેત" અથવા "પૂર્વ એશિયાઇ” અથવા “દક્ષિણપૂર્વ એશિયાઇ", વગેરે તરીકે ગણવામાં આવતા હોય છે.

1. કઇ વંશની કેટેગરી તમારા બાળકનું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે (કૃપા કરીને લાગું પડે તે તમામ પસંદ કરો)

    - ☐ a. અશ્વેત (દા.ત. આફ્રિકન, આફ્રો-કેરેબિયન, આફ્રિકન-કેનેડિયન વંશજ)
    - ☐ b. પૂર્વ એશિયાઇ (દા.ત. ચાઇનીઝ, કોરીયન, જાપાનીઝ, તાઇવાનીઝ વંશજ)
    - ☐ c. કેનેડાનાં મૂળ નિવાસી (દા.ત. ફર્સ્ટ નેશન્સ, મેટિસ, ઇન્યુઇટ)
    - ☐ d. લેટિનો/લેટિના/લેટિનક્સ (દા.ત. મેક્સિકન, પેરુવિયન, કોલોમ્બિયનસ ઇક્વેડોરિયન)
    - ☐ e. મધ્ય પૂર્વિય (દા.ત. આરબ, પર્શિયન/ઇરાનિયન, અફઘાન, ઇજીપ્શિયન, લેબેનીઝ, તૂર્કિશ, કુર્દિશ)
    - ☐ f. દક્ષિણ એશિયન (દા.ત. પૂર્વ ભારતીય, પાકિસ્તાની, બાંગ્લાદેશી, શ્રીલંકન, ઇન્ડો-કેરેબિયન)
    - ☐ g. દક્ષિણપૂર્વ એશિયન (દા.ત. ફિલિપિનો, વિયેતનામી, કમ્બોડિયન, થાઇ, ઇન્ડોનેશિયન, મલેશિયન)
    - ☐ h. શ્વેત (દાત. બ્રિટિશ, ઇટાલિયન, જર્મન, રશિયન, ફ્રેંચ)
    - ☐ i. એ વંશ અથવા વંશીય પૃષ્ઠભૂમિ જે ઉપર સૂચિબદ્ધ નથી
    - ☐ j. ખાતરી નથી
    - ☐ k. મને આ પ્રશ્ન સમજાતો નથી
    - ☐ l. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

2. જો તમારું બાળક કેનેડાનું મૂળ નિવાસી હોય, તો કૃપા કરીને લાગું પડતું તમામ પસંદ કરો:

    - ☐ a. ફર્સ્ટ નેશન

- b. મેટિસ
- c. ઇન્યુઇટ
- d. લાગું પડતું નથી – મારું બાળક કેનેડાનું મૂળ નિવાસી નથી
- e. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

**લિંગની ઓળખ** એ વ્યક્તિની પુરુષ, સ્ત્રી, બન્ને, કોઇ નહીં હોવાની અથવા લિંગનાં વર્ણપટ પર અન્ય ઓળખ હોવાની આંતરિક અને ગહન રીતે અનુભવાતી વૃત્તિ છે. વ્યક્તિની લિંગની ઓળખ જન્મ પર ફાળવવામાં આવેલ લિંગ કરતા અલગ હોઇ શકે છે (દા.ત. પુરુષ અથવા સ્ત્રી).

3. તમારા બાળકની **લિંગની ઓળખ** શું છે? (કૃપા કરીને લાગું પડતું તમામ પસંદ કરો)

- a. સ્ત્રી/છોકરી
- b. પુરુષ/છોકરો
- c. લિંગ તરલતા (એવિ વ્યક્તિને સંદર્ભિત કરે છે જેની લિંગની ઓળખ અથવા અભિવ્યક્તિ લિંગનાં વર્ણપટ પર બદલાય છે)
- d. લિંગ બિન-અનુરૂપતા (જન્મ પર વ્યક્તિનાં લિંગ વિશે કરવામાં આવેલી ફાળવણી વિશે આપેલા સમાજમાં કરવામાં આવેલ સાંસ્કૃતિક સંલગ્નતાઓ સાથે સમરેખ ન હોવું)
- e. નોન-બાઇનરી (એવી વ્યક્તિને સંદર્ભિત કરે છે જે લિંગનાં બાઇનરી વિચાર સાથે સમરેખ ન હોય જેમ કે પુરુષ અથવા સ્ત્રી)
- f. પ્રશ્નાંકિત (એવી વ્યક્તિને સંદર્ભિત કરે છે જેને તેની પોતાની લિંગની ઓળખ વિશે ખાતરી ન હોય)
- g. ટ્રાન્સજેન્ડર (એવી વ્યક્તિને સંદર્ભિત કરે છે જેની લિંગની ઓળખ તેનાં જન્મ પર ફાળવેલ લિંગ સાથે એક સંલગ્નતામાં ભિન્ન હોય)
- h. દ્વિ-ચેતના (મૂળનિવાસી વ્યક્તિ જેની લિંગની ઓળખ, આધ્યાત્મિક ઓળખ અથવા જાતિય સંરચનામાં પુરુષ, સ્ત્રી અથવા નોન-બાઇનરી ચેતનાઓનો સમાવેશ થાય છે)
- i. લિંગની ઓળખ ઉપર યાદીગત કરેલી નથી (કૃપા કરીને નિર્દેશિત કરો):
- j. ખાતરી નથી
- k. મને આ પ્રશ્ન સમજાતો નથી
- l. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

4. a) શું તમારા બાળકનો કેનેડામાં જન્મ થયો હતો?

- a. હા *(પ્રશ્ન 5a પર જાઓ)*
- b. ના
- c. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ *(પ્રશ્ન 5a પર જાઓ)*

4. b) જો તમારા બાળકનો કેનેડામાં જન્મ થયો ન હતો, તો તમારું બાળક કેટલા સમયથી કેનેડામાં રહે છે?

- ☐ a. 1 વર્ષ કરતા ઓછો સમય
- ☐ b. 1 વર્ષ
- ☐ c. 2 વર્ષ
- ☐ d. 3 વર્ષ
- ☐ e. 4 વર્ષ
- ☐ f. 5 વર્ષ
- ☐ g. 6 વર્ષ
- ☐ h. 7 વર્ષ
- ☐ i. 8 વર્ષ
- ☐ j. 9 અથવા વધારે વર્ષ
- ☐ k. ખાતરી નથી
- ☐ l. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

5. a) શું તમારો જન્મ કેનેડામાં થયો હતો?

- ☐ a. હા - (પ્રશ્ન 6 પર જાઓ)
- ☐ b. ના
- ☐ c. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ (પ્રશ્ન 6 પર જાઓ)

5. b) જો તમારો જન્મ કેનેડામાં થયો હતો, તો તમે કેટલા સમયથી કેનેડામાં રહો છો?

- ☐ a. 1 વર્ષ કરતા ઓછો સમય
- ☐ b. 1 વર્ષ
- ☐ c. 2 વર્ષ
- ☐ d. 3 વર્ષ
- ☐ e. 4 વર્ષ
- ☐ f. 5 વર્ષ
- ☐ g. 6 વર્ષ
- ☐ h. 7 વર્ષ
- ☐ i. 8 વર્ષ
- ☐ j. 9 અથવા વધારે વર્ષ
- ☐ k. ખાતરી નથી
- ☐ l. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

6. શું તમારું બાળક દ્વિતિય અથવા વધારાની ભાષા તરીકે અંગ્રેજી શીખી રહ્યું છે (દા.ત. અંગ્રેજી ભાષા શીખનાર)?

- ☐ a. હા
- ☐ b. ના
- ☐ c. ખાતરી નથી
- ☐ d. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

7. જો તમારા બાળકે ઇંગ્લિશ એઝ એ સેકન્ડ લેંગ્વેજ (ESL) અથવા ઇંગ્લિશ લિટરસી ડેવલપમેન્ટ (ELD) માટે સપોર્ટ પ્રાપ્ત કર્યો હતો, તો કઇ હદ સુધી તેનાંથી તેને તેની કેળવણીમાં મદદ મળી હતી?

- ☐ a. બિલકુલ મદદરૂપ નહીં
- ☐ b. સહેજ મદદરૂપ
- ☐ c. કેટલેક અંશે મદદરૂપ
- ☐ d. ખૂબ મદદરૂપ
- ☐ e. અત્યંત મદદરૂપ
- ☐ f. ખાતરી નથી
- ☐ g. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

8. જો આ વર્ષે તમારું બાળક વિશેષ શૈક્ષણિક પ્રોગ્રામિંગ મેળવી રહ્યું છે (દા.ત. રહેવાની સગવડતાઓ, IEP), તો શું તે તેની મજબૂત બાજુઓ, જરૂરીયાતો અને રુચિની બાબતોને સપોર્ટ કરે છે?

- ☐ a. હા
- ☐ b. ના
- ☐ c. ખાતરી નથી
- ☐ d. મને પ્રશ્ન સમજાયો નહીં
- ☐ e. હું જવાબ નહીં આપવાનું પસંદ કરીશ

## તમારી સહભાગીતા બદલ તમારો આભાર!